પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨૩ | ૪ ફેબ્રુઆરી, ૨૦૨૧, ગુરૂવાર; પોષ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ચક્કાજામમાં હિંસાની સંભાવના : આઈબી

ચક્કાજામમાં ઉપદ્રવીઓ હિંસા ફેલાવી શકે છે : આઈબી : દિલ્હી પોલીસે સાવચેતીરૂપે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાનું શરૂ કરી દીધું : ઇન્ટેલિજન્સ ઇનપુટ્સમાં સિંઘુ અને ટિકરી બોર્ડરને સૌથી વધારે સંવેદનશીલ, ૬ ફેબ્રુઆરી ઉપદ્રવીઓ ચક્કજામ કરી બેફામ હિંસા ફેલાવવા પ્રયાસ કરી શકે

નવી દિલ્હી, તા.૩

૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર પરેડ દરમિયાન થયેલી હિંસા બાદ ગુપ્તચર માહિતીએ ફરી એકવાર સુરક્ષા એજન્સીઓને ચેતવણી આપી છે. ઇનપુટ્સમાં કહેવામા આવ્યું છે કે, ખેડૂત આંદોલન વચ્ચે મોટી સંખ્યામાં જીવલેણ શસ્ત્રો છુપાયેલા છે. ગુપ્તચર વિભાગ સાથે જોડાયેલા સૂત્રોનું માનીએ તો ઇનપુટ્સમાં સૌથી વધુ સંવેદનશીલ સિંઘુ બોર્ડર અને ટિકરી બોર્ડર હોવાનું કહેવામાં આવે છે. અહીં, ૨૬ જાન્યુઆરીની જેમ જ ૬ ફેબ્રુઆરી અને તેની આસપાસ દિલ્હી સહિત અન્ય શહેરોમાં ઉપદ્રવી ચક્કાજામના બહાને બેફામ હિંસા ફેલાવવાનો પ્રયાસ કરશે. તેમનો હેતુ લાલ કિલ્લાની જેમ તીક્ષ્ણ હથિયારોના સહારે મોટા પાયે હિંસા ફેલાવવાનો રહેશે.

સુત્રોએ જણાવ્યું હતું કે હરિયાણાને અડીને આવેલા સરહદી વિસ્તારમાં ભય વધારે છે. અહીં પહેલાથી જ મોટા ધારવાળા હથિયારો છુપાયેલા છે. ઇનપુટ્સમાં પંજાબ, હરિયાણાના ગેંગસ્ટર સહિત દેશ વિરોધી દળો તરફ ઈશારો કરવામાં આવ્યો છે. જેમાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના કાવતરાના તારને નકારી શકાય નહીં.

ઈન્ટેલિજન્સ એલર્ટ મળ્યા બાદ દિલ્હી પોલીસે પણ સાવચેતીના પગલા તરીકે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાનું શરૂ કરી દીધું

● અનુસંધાન પાન-૭ પર

ધરપકડ કરાયેલાઓને છોડો, કાયદો પાછો લો : ખેડૂતોનો હુંકાર

હરિયાણાના જિંગ જિલ્લામાં ખેડૂતોની મહાપંચાય : સ્ટેજ તૂટતાં ટિકૈત પડ્યા : નેતાની હાજરીમાં યોજાયેલી મહાપંચાયતમાં ખેડૂતોએ વિવિધ માગણીઓ રજૂ કરી

જિંદ, તા. ૩

હરિયાણાના જીંદ જિલ્લામાં ખેડૂતોની મહાપંચાયત શરૂ થઈ ગઈ છે. જિલ્લાના કંડેલા ગામમાં હજારોની સંખ્યામાં ભીડ ભેગી થઈ છે. મોટી સંખ્યામાં મહિલાઓ પણ આ મહાપંચાયતમાં ભાગ લેવા પહોંચી છે. મહાપંચાયતમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ત્રણેય કૃષિ કાયદાઓને સરકાર પાછા લે અને ધરપકડ કરવામાં આવેલા લોકોને જલદીથી જલદી મુક્ત કરે. જીંદની મહાપંચાતથી રાકેશ ટિકૈતે કેન્દ્ર સરકારને પડકાર આપતા કહ્યું છે કે, આપણે હજું સરકારને બિલ પાછા લેવાની વાત કહી છે, જો આપણે ગાદી પાછી આપવાની વાત કરી તો સરકારનું શું થશે? હજુ સમય છે સરકાર બરાબર થઈ જાય.

જીંદમાં આયોજિત ખેડૂતોની મહાપંચાયતમાં કૃષિ બિલને પાછા ખેંચવાનો પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો છે. આ મહાપંચાયતમાં રાકેશ ટિકૈત ઉપસ્થિત હતા. આ મહાપંચાયતમાં ખેડૂતોએ સ્વામીનાથન કમિટીનો રિપોર્ટ લાગુ કરવાની માંગ કરી છે. આ ઉપરાંત ગુમ ખેડૂતોને શોધવા અને ખેડૂતો પર નોંધવામાં આવેલા કેસ પાછા લેવાની પણ માંગ કરી છે. ટિકૈત ઉપરાંત અનેક ખાપ નેતા પણ આ



મહાપંચાયતમાં સામેલ છે. ટેકરામ કંડેલાએ કહ્યું કે, ખેડૂતોના આંદોલનને સમર્થન કરવા માટે આ મોટો મેળો છે. લગભગ ૨ દશકા પહેલા હરિયાણામાં ખેડૂતોનું આંદોલન ચલાવનારી કંડેલા ખાપે ખેડૂત કાયદાઓની વિરુદ્ધ ખેડૂતોને પોતાનું સમર્થન આપ્યું છે.

બીજી ખાપે પણ આંદોલનને સમર્થન આપ્યું છે. ટેકરામ કંડેલાએ કહ્યું કે, આજના કાર્યક્રમમાં કૃષિ કાયદાઓને નાબુદ કરવા અને ન્યૂનતમ સમર્થન મૂલ્ય પર કાયદાકીય ગેરંટીની માંગ કરવામાં આવે.

આંદોલનના સમર્થનમાં રિહાના અને ગ્રેટા થનબર્ગનું ટ્વીટ

વોશિંગ્ટન,તા.૩

ભારતમાં બે મહિનાથી જારી ખેડૂતોના આંદોલનની હવે દુનિયાભરમાં ચર્ચા થઈ રહી છે. પહેલા જ કેટલાક દેશોમાં ખેડૂતોના આંદોલન પર ચર્ચા થઈ ચૂકી છે. હવે અમેરિકી પૉપ સ્ટાર રિહાનાએ આને લઈને પોતાનુ સમર્થન વ્યક્ત કર્યુ. જે બાદથી જ ઈન્ટરનેશનલ સેલેબ્રિટી સતત ખેડૂત આંદોલનને લઈને પોતાનો મત મૂકતા રહ્યા છે. પર્યાવરણને લઈને કામ કરનારી ભારતીય એક્ટિવિસ્ટ લિસિપ્રિયા કંગુજમે પણ ટ્વીટર પર ખુલીને ખેડૂત આંદોલનનુ સમર્થન કર્યુ.

લિસિપ્રિયા કંગુજમ તરફથી ટ્વીટ કરી દુનિયાને આ આંદોલનનુ સમર્થન કરવાની અપીલ કરી. સાથે જ તેમણે ક્લાઈમેટ ચેન્જ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગથી પણ આ વિશે ચર્ચા કરવાની અપીલ કરી. લિસિપ્રિયા કંગુજમ ત્યારે ચર્ચાઓમાં આવી હતી જ્યારે તેમણે પીએમ મોદી દ્વારા આપેલા સન્માનને ઠુકરાવી દીધો હતો.

રિહાનાના ટ્વીટ બાદ ગ્રેટા થનબર્ગે પણ ભારતમાં જારી ખેડૂતોના આંદોલનને લઈને ટ્વીટ કર્યુ. ગ્રેટાએ પોતાના ટ્વીટમાં લખ્યુ કે અમે ભારતમાં જારી ખેડૂતોના આંદોલનની સાથે એકઠા થઈને ઉભા છે. ગ્રેટા થનબર્ગે અગાઉ ભારતમાં ઈઈઈ ની પરીક્ષાનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીનુ પણ સમર્થન કર્યુ હતુ.

રિહાનાના ટ્વીટ બાદથી જ ભારતમાં જારી ખેડૂત આંદોલનને લઈને કેટલાક આંતરરાષ્ટ્રીય હસ્તીઓ, સંસ્થાઓએ ટ્વીટ કરી દીધી છે.

રિહાનાના ટ્વીટ બાદ આંતરરાષ્ટ્રીય સંસ્થા હ્યુમન રાઈટ વૉચ, ઈન્ટરનેશનલ ઈન્ટરનેટ રાઈટ્સ સાથે જોડાયેલી સંસ્થા, અમેરિકી મૉડલ અમાન્ડા સેની સહિત કેટલીક મોટી નામી સંસ્થા અને સેલેબ્રિટી ખેડૂતોના આંદોલનનુ સમર્થન કરી ચૂક્યુ છે.

ધાર્મિક ધ્વજ ફરકાવનારા દીપ સિધ્ધુ પર એક લાખનું ઈનામ

દિલ્હીમાં લાલ કિલ્લા પર ધ્વજ ફરકાવ્યો હતો : પ્રજાસત્તાક દિને ખેડૂતો દ્વારા આયોજિત ટ્રેક્ટર રેલી વેળા ભારે હિંસા થઈ એ બાદથી દીપ સિદ્ધુ ફરાર થઇ ગયો છે

નવી દિલ્હી, તા. ૩

દિલ્હીમાં ખેડુતોની ટ્રેક્ટર રેલી દરમિયાન લાલ કિલ્લા પર ધ્વજ ફરકાવવાનો આરોપી દીપ

સિદ્ધૂ હજી ફરાર છે. આ દરમિયાન દિલ્હી પોલીસે દીપ સિદ્ધુ પર ૧ લાખનું ઈનામ જાહેર કર્યું છે. જણાવી દઈએ કે, વિરોધ કરી રહેલા ખેડૂતોની પ્રજાસત્તાક દિવસ નિમિત્તે આયોજિત ટ્રેક્ટર રેલી દરમિયાન ઉગ્ર હિંસા થઈ હતી. પ્રદર્શનકારીઓ લાલ કિલ્લાની સ્તમ્ભ પર ગયા હતા અને પોતાનો ધાર્મિક ઝંડો ફરકાવ્યો હતો.

૨૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ દેશની રાજધાનીમાં થયેલી હિંસક ઘટના અને લાલ કિલ્લા પર શીખોનો પવિત્ર ધ્વજ ફરકાવવા પાછળ પંજાબી અભિનેતા દીપ સિદ્ધુનું નામ બહાર આવ્યું છે. ૨૬મી જાન્યુઆરીની હિંસાના બીજા જ દિવસે પોલીસે દીપ સિદ્ધુ પર ઉશ્કેરણીજનક ભાષણો કરવા અને ઉપદ્રવ ફેલાવવા માટે એફઆઈઆર નોંધી હતી.

ગત વર્ષે નવેમ્બરમાં સોશિયલ મીડિયા પર તેનો એક વિડીયો વાયરલ થતાં દીપ સિદ્ધૂ વિશે પંજાબની બહારના મોટાભાગના લોકોને જાણ થઈ હતી. આ વિડીયોમાં સિદ્ધૂ સિંધુ સરહદ પર ખેડૂતો સાથે ઉભા હતા. વિડીયોમાં તે પોલીસ અધિકારી સાથે અંગ્રેજીમાં વાત કરતા જોવા મળ્યો હતો. વિડીયો શરૂઆતમાં 'અંગ્રેજી બોલતા ખેડૂત' તરીકે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. પાછળથી બહાર આવ્યું કે દીપ પંજાબી ફિલ્મોનું જાણીતું નામ છે. તે ઘણી ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દીપ સિદ્ધૂના ફોટોગ્રાફ્સના આધારે સિદ્ધુ પર ભાજપ અને આરએસએસના એજન્ડાને આગળ વધારવાનો પણ આરોપ લગાવવામાં આવ્યા છે.

બેંગ્લુરૂમાં રંગારંગ એર-શો

ભારતે વિશ્વને બતાડી હવાઇ તાકાત : દુનિયા આખી સ્તબ્ધ, સુખોઈ, તેજસ, મિરાજે, ધ્રુવે કરી સિંહ ગર્જના : અમેરિકાથી ૨૬ કલાકની ઉડાન ભરી ભારત પહોંચ્યુ B-1B લાંસર, કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રી રાજનાથ અને લશ્કરના ત્રણેય વડાઓ ઉપસ્થિત

ન્યુ દિલ્હી,તા.૩

બેંગલુરૂમાં ૧૩માં એરો ઈન્ડિયા-૨૦૨૧ શોની આજથી શરૂઆત થઈ ગઈ છે. આ વખતનો એર શો ખુબ જ ખાસ છે. કારણ કે તેમાં ભારત પોતાની તાકત આખી દુનિયાને દેખાડવા જઈ રહ્યું છે. ભારતના ઘર આંગણે વિકસીત કરવામાં આવેલા તેજસ યુદ્ધ વિમાનથી લઈને અનેક સ્વદેશી હથિયારો આ એરશોમાં સિંહ ગર્જના કરી રહ્યાં છે.

એરશોમાં પહેલા જ દિવસે એચએએલ સાથે એરફોર્સના ૮૩ તેજસ યુદ્ધ વિમાનો ખરીદવાનો કરાર પણ થયો. આ ઉપરાંત સારંગ એરોબેટિક્સ હેલિકોપ્ટર ટીમ અને સૂર્યકિરણ ટીમે પહેલીવાર એક સાથે દમ દેખાડ્યો હતો.

કર્ણાટકની રાજધાની બેંગાલુરુ ખાતે આજથી એરો ઈન્ડિયા-૨૦૨૧ શોની શરૂઆત થઈ છે. વિશ્વમાં આત્મનિર્ભર ભારતની ઉડાન જોવા મળી રહી છે. બહાદુરી સાથે સચોટ હુમલો, પરાક્રમ સાથે આક્રમકતા, અને સ્પીડ સાથે દુશ્મનો પર હુમલો. આ બધુ એક સાથે બેંગ્લુરુના આકાશમાં દેખાય છે. આ ૧૩મો એરો ઈન્ડિયા શૉ છે.

૫ ફેબ્રુઆરી સુધી ચાલનારા એશિયામાં આ સૌથી મોટો એરો-શોની શરૂઆત આત્મનિર્ભર રચનાથી થઈ. આ રચનામાં, ભારત તેના વિમાનોનું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે, જે સ્વદેશી ટેકનીકથી બનાવવામાં આવ્યા છે. રશિયાની મદદથી ભારતમાં તૈયાર કરાયેલા સુખોઈ યુદ્ધ વિમાન પણ આકાશમાં ગર્જના કરાતા દેખાઈ રહ્યા છે.

આંદોલન સમર્થક વિદેશી સેલિબ્રિટી પર સરકાર ખફા

વિદેશ મંત્રાલયે કહ્યું કે ખેડૂત આંદોલન અંગે કોઈ પણ પ્રકારની ટિપ્પણી કે ટ્વીટ કરતા પહેલા સમગ્ર મામલાની યોગ્ય જાણકારી મેળવવી ખુબ જરૂરી

નવી દિલ્હી, તા. ૩

કૃષિ કાયદાને લઈને ચાલી રહેલુ ખેડૂતોનું આંદોલન ધીમે ધીમે હવે આંતરરાષ્ટ્રીય મુદ્દો બનતુ જઈ રહ્યું છે. અમેરિકાની પોપ સ્ટાર રિહાના અને ક્લાઈમેટ ચેંજ એક્ટિવિસ્ટ ગ્રેટ થનબર્ગ સહિત અનેક હસ્તીઓના ખેડૂતોના સમર્થન કરતા નિવેદન બાદ મોદી સરકારે આ સેલિબ્રિટીઓને રોકડું પરખાવ્યું છે. ભારતના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, લોકશાહીમાં વિરોધ પ્રદર્શન કરવાનો હક છે અને ગણ્યાગાંઠ્યા ખેડૂતો જ વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. માટે બહારના લોકોએ પોતાનો એજન્ડા ચલાવવો જોઈએ નહીં.

ખેડૂત આંદોલનને લઈને ઈન્ટરનેશનલ પોપ સ્ટાર રિહાના, યુવા એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગની ટ્વીટ પર વિદેશ મંત્રાલયે આકરી પ્રતિક્રિયા આપી હતી. મંત્રાલયે પરોક્ષ રીતે કહ્યું કે ખેડૂત આંદોલન અંગે કોઈ પણ પ્રકારની ટિપ્પણી કે ટ્વીટ કરતા પહેલા મામલાની યોગ્ય જાણકારી મેળવવી જરૂરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવ તરફથી કરાયેલી ટ્વીટમાં કહવાયું હતું કે, અમે આગ્રહ કરીશું કે આવા મામલે કોમેન્ટ્સ કરતા પહેલા યોગ્ય ફેક્ટ્સની જાણકારી મેળવવામાં આવે અને તે અંગે વધુ સારી સમજ રાખો. આ અંગે જાણીતી હસ્તીઓ અને અન્ય લોકો તરફથી સોશિયલ મીડિયા હેશટેગ અને જે પણ કોમેન્ટ્સ થઈ રહી છે તે ન તો યોગ્ય છે કે ન તો જવાબદાર છે.

વિદેશ મંત્રાલય તરફથી કરાયેલી વધુ એક ટ્વીટમાં કહેવામાં આવ્યું હતું કે, ભારતની સંસદે પૂરેપૂરી ચર્ચા બાદ કૃષિ ક્ષેત્રમાં સુધારાના હેતુથી કાયદા (ઞ્ઞટ્ટિ ન્ડુજ) ને પાસ કર્યા છે. આ સુધારા ખેડૂતોને બજારની વ્યાપક પહોંચ પુરી પાડશે. તેનાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત થશે. સુધારા સંબંધિત આ કાયદા અંગે ખેડૂતોના ખુબ નાના જુથમાં જ અસંતોષ છે.

રાજ્યસભામાં વિપક્ષનો હોબાળો આપના ત્રણ સાંસદો સસ્પેન્ડ કરાયા

આપના સાંસદો ખેડૂત આંદોલનનો મુદ્દે વેલ સુધી ધસી જતાં હોબાળો મચ્યો

ન્યુ દિલ્હી,તા.૩

રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ ખેડૂતોના મુદ્દે બુધવારે ભારે હંગામો થયો હતો. સદનની કાર્યવાહી શરૂ થયાના થોડા જ સમય બાદ આમ આદમી પાર્ટીના ત્રણ સાંસદોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આપના સાંસદો ખેડૂત આંદોલનનો મુદ્દો ઉઠાવી છેક વેલ સુધી પહોંચી ગયા હતાં. સભાપતિએ આપના સાંસદોની નારેબાજી અને હંગામાને ધ્યાનમાં રાખી તેમને સસ્પેન્ડ કરી દીધા હતાં.

આપના આ સાંસદોને માર્શલની મદદથી બદનની બહાર કરવામાં આવ્યા હતાં. આ ત્રણેય સાંસદોને સદનની કાર્યવાહીથી દિવસભર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં.

આ અગાઉ ત્રણ નવા કૃષિ કાયદાને લઈને ખેડૂતોના આંદોલનના મુદ્દે રાજ્યસભાની કાર્યવાહીને પાંચ મીનીટ માટે સ્થગિત કરવામાં આવી હતી. કાર્યવાહી ફરીથી શરૂ થતા સભાપતિ વેંકૈયા નાયડૂએ આપના ત્રણ સાંસદ સંજય સિંહ, સુશીલ ગુપ્તા અને એનડી ગુપ્તાને સદનની બહાર ચાલ્યા જવાની નોટિસ આપી હતી. પરંતુ આ સાંસદોએ આદેશનું પાલન ના કરતા સભાપતિએ માર્શલ બોલાવીને ત્રણેયને સદનની બહાર કાઢી મુક્યા હતાં.

રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડૂએ કહ્યું હતું કે, જ્યારે મુદ્દાઓ પર ચર્ચા કરવાનો સમય છે તો પછી નારેબાજી કેમ કરવામાં આવી રહી છે? સભાપતિએ કહ્યું હતું કે, આ સરમુખત્યારશાહી નહીં ચાલે. સભાપતિ સંજય સિંહ, સુશીલ ગુપ્તા અને એનડી ગુપ્તાનું નામ લઈ કાર્યવાહી સુચારૂ રૂપે ચાલવા દેવાની અપીલ કરી હતી. આમ આદમી પાર્ટી તરફથી રાજ્યસભામાં ત્રણ જ સાંસદો છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.